# મનોવિજય એ જ મુક્તિ

ભગવાન મહાવીરનો બોધેલો જૈન ધર્મ શ્રીમદ્દ રાજચંદ્રજીએ બહુ સરળ અને સાદી ભાષામાં એમની રચનાઓમાં સમજાવ્યો છે. આજે જ્યારે ક્રિયા, જડતા, શુષ્કતા, શાસ્ત્રજ્ઞાનનો આગ્રહ, યંત્રવત્ત બાહ્ય દ્રવ્યક્રિયાને જ ધર્મ સમજવામાં આવે છે ત્યારે શ્રીમદ્દજીએ ભાવક્રિયાને સ્પર્શવાનું સમજાવ્યું છે. સ્વભાવ પરિવર્તન કે વિકાર મુક્તિ એ જ મોક્ષમાર્ગ છે, જ્યારે બાહ્યક્રિયા અને શાસ્ત્રભ્યાસ એ ગૌણ અંગ છે, એ શ્રીમદ્દજીની રચનાઓનો મૂળ સાર છે.

"તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી. માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ તે ધર્મ અને તે સદાચાર તું સેવજે." આ છે શ્રીમદ્દજીની રચનાઓનો મૂળ સાર.

ધર્મ આરાધના કરવાવાળાઓના બે વર્ગ છે- એક, જે કુળ- પરંપરાથી ધર્મક્રિયાઓના આચરણ, શાસ્ત્રના શ્રવણ- પઠનથી સંતુષ્ટ રહે છે. જ્યારે બીજો વર્ગ આત્માર્થી, પરિણામલક્ષી હોય છે. મૂળ તત્વમાં ક્યાંય ભેદ નથી. માત્ર દ્રષ્ટિમાં ભેદ છે. જે ધર્મક્રિયા કરવાથી અંતરમાં શાંતિનું વેદન થાય તે ક્રિયા સત્યાર્થ છે. ધર્મ કેવળ શાસ્ત્રીય જ્ઞાનમાં નથી, પણ આચરણમાં છે. ધર્મ સૈધ્ધાંતિક માન્યતાઓમાં નહીં, પણ સિધ્ધાંતમય જીવન જીવવામાં છે.

આજે મોટેભાગે બાહ્ય વ્રત-તપને જ મહત્વ આપવામાં આવે છે, એને જ માપદંડ ગણવામાં આવે છે, એના ઉપરથી જ ધાર્મિકતાનું માપ નક્કી કરવામાં આવે છે. પરંતુ વ્રત-તપ શેના માટે છે એ જાણવાનો પ્રયત્ન માત્ર પણ કરવામાં આવતો નથી. આંતરિક તપ તો જાણે કે તદ્દન ભૂલાઈ જ ગયું છે. આઠમ- ચૌદસના લીલોતરી ન ખવાય, પરંતુ આઠમ- ચૌદસના પવિત્ર દિવસે જૂઠું બોલાય, છેતરપીંડી કરાય, કલેશ કરાય, વેરઝેર કરાય, ક્રોધ થાય, અભિમાન કરાય, માયા- પ્રપંચ થાય તો એ ભગવાન મહાવીરનો ધર્મ નથી.

જ્ઞાન મેળવવું, શુધ્ધાત્મા વિષે જાણવું અને જ્ઞાનને અંદર ઉતારવું, શુધ્ધાત્મને જાણવો એ બેમાં ફરક છે. પહેલું કાર્ય જ્યારે સતશાસ્ત્રની સહાયથી થઈ શકે, જ્યારે બીજું કાર્ય તો જીવે પોતે જ કરવું પડે. જીજ્ઞાસા જીવને અહંકારથી

ભરી દે છે. જ્ઞાનથી જો જીવનમાં પરિવર્તન ન થાય, જીવનમાં શુધ્ધિ ન આવે, જીવનમાં શાંતિનો અનુભવ ન પ્રગટે તો જ્ઞાન શું કામનું ?

સાધનામાં પ્રગતિ કરવા માટે પ્રથમ આગ્રહને વિસર્જિત કરવો પડે. નિર્વાણની પ્રાપ્તિ માટે મોહનો ક્ષય કરવો અનિવાર્ય છે. આત્મસાક્ષાત્કારમાં અહં-મમત્વનો નાશ થાય છે, કર્તા-ભોક્તાપણું દૂર થાય છે, અલિપ્તભાવ—ાક્ષીભાવ આવે છે અને વિવેકદ્રષ્ટિ જાગૃત થાય છે.